ધવલ પરમાર

# ક્રાંતિતીર્થ કયાં આવેલુ છે ?

**૧. પ્રથમ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર સમિટ કયા વર્ષે યોજાઈ હતી?**
(અ) ૨૦૦૧, (બ) ૨૦૦૨, (ક) ૨૦૦૩, (ડ) ૨૦૦૪

**૨. વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર સમિટ કેટલા વર્ષે યોજાય છે?**
(અ) દરવર્ષે, (બ) બે વર્ષે, (ક) ત્રણ વર્ષે, (ડ) ચાર વર્ષે

**૩. બેરોજગારોને રોજગારી આપવામાં સમગ્ર દેશમાં ગુજરાતનું સ્થાન કયું છે.**
(અ) પહેલું, (બ) બીજુ, (ક) ત્રીજુ, (ડ) ચોથુ

**૪. કલાયમેન્ટ ચેન્જ વિષય પર ગુજરાતના મુખ્યમંત્રીએ તાજેતરમાં કયું પુસ્તક લખ્યું છે?**
(અ) કલાયમેન્ટ ચેન્જ, (બ) કન્વિનિયન્ટ ચેન્જ, (ક) કન્વિનિયન્ટ એકશન, (ડ) કન્વિનિયન્ટ મોડેલ

**૫. એન.એ.બી.એચ. પ્રમાણપત્ર ધરાવતી દેશની સર્વપ્રથમ જનરલ હોસ્પિટલ કયાં આવેલી છે?**
(અ) અમદાવાદ, (બ) ગાંધીનગર, (ક) સુરત, (ડ) ભૂજ

**૬. રાજયમાં કુલ કેટલી યુનિવર્સિટીઓ છે?**
(અ) ૧૧, (બ) ૨૫, (ક) ૨૮, (ડ) ૪૨

**૭. અત્યાધુનિક મોડેલ આયુર્વેદિક કોલેજ કયાં આકાર પામી રહી છે ?**
(અ) કોલવડા-ગાંધીનગર, (બ) દહેગામ-ગાંધીનગર, (ક) આકોદરા- હિંમતનગર, (ડ) ધોળકા-અમદાવાદ

**૮. ગુજરાત પ્રવાસનના બ્રાન્ડ એમ્બેસેડર કોણ છે?**
(અ) સલમાન ખાન, (બ) એ.આર. રહેમાન, (ક) અમિતાભ બચ્ચન, (ડ) પરેશ રાવલ

**૯. સ્વર્ણિમ વર્ષનો સમાપન કાર્યક્રમ કયા નામે ઉજવાયો હતો?**
(અ) આગેકદમ ગુજરાત, (બ) સ્વર્ણિમ રંગ ગુજરાત, (ક) ગરવી ગુજરાત, (ડ) રંગારંગ ગુજરાત

**૧૦. મુખ્યમંત્રીશ્રીની પ્રેરણાથી ગુજરાતમાં નિર્માણાધિન ક્રાંતિતિર્થ સાથે કોનું નામ સંકળાયેલું છે?**
(અ) મહાત્મા ગાંધી, (બ) સરદાર વલ્લભભાઈ પટેલ, (ક) ઈન્દુલાલ યાજ્ઞિક, (ડ) શ્યામજી કૃષ્ણવર્મા

**૧૧. નરેન્દ્ર મોદીએ કોનું વિશ્વનું સૌથી ઉંચુ સ્ટેચ્યુ બનાવવાની જાહેરાત કરી છે?**
(અ) મહાત્મા ગાંધી, (બ) સરદાર વલ્લભભાઈ પટેલ, (ક) ઈન્દુલાલ યાજ્ઞિક, (ડ) શ્યામજી કૃષ્ણવર્મા

**૧૨. વિશ્વનું સૌથી ઉંચુ સ્ટેચ્યુ કયા નામે ઓળખાશે ?**
(અ) સ્ટેચ્યુ ઓફ યુનિટી, (બ) સ્ટેચ્યુ ઓફ પાવર, (ક) સ્ટેચ્યુ ઓફ ગવર્નન્સ, (ડ) સ્ટેચ્યુ ઓફ આયર્ન

**૧૩. સ્વર્ણિમ ગુજરાત સંસદીય સંકલ્પ પરિષદમાં બધાં જ પક્ષોએ ગુજરાતના વિકાસ માટેનો સંકલ્પ લીધો. આ પરિષદ કયાં યોજાઈ હતી?**
(અ) મહાત્મા મંદિર, ગાંધીનગર, (બ) વિઠ્ઠલભાઈ પટેલ ભવન, ગાંધીનગર., (ક) સાયન્સ સીટી, અમદાવાદ, (ડ) ટાઉન હોલ, ગાંધીનગર

**૧૪. 'ક્રાંતિતીર્થ' કયાં આવેલું છે ?**
(અ) માંડવી-કચ્છ, (બ) માંડવી-સુરત, (ક) ટંકારા, (ડ) સેલ્યુલર જેલ-પોર્ટબ્લેર

**૧૫. 'ડાંગ દરબાર' નામનો ઉત્સવ શાના માટે જાણીતો છે ?**
(અ) આદિવાસી રાજાઓને વર્ષાસન આપવા માટે, (બ) આદિવાસીઓના સાંસ્કૃતિક ઉત્સવ તરીકે (ક) ડાંગી નૃત્યો માટે (ડ) ઉપરના તમામ માટે

**૧૬. રમત-ગમતમાં આંતરરાષ્ટ્રીય કક્ષાએ ઉત્કૃષ્ટ દેખાવ કરનાર ખેલાડીને રાજય સરકાર કયો એવોર્ડ એનાયત કરે છે?**
(અ) સરદાર એવોર્ડ, (બ) મહાત્મા એવોર્ડ, (ક) એકલવ્ય એવોર્ડ, (ડ) શેરદીલ એવોર્ડ

**૧૭. ગુજરાતમાં સૌપ્રથમ વખત ખેલ મહાકુંભ કોના શાસનકાળમાં યોજાયો?**
(અ) નરેન્દ્ર મોદી, (બ) કેશુભાઈ પટેલ, (ક) શંકરસિંહ વાઘેલા, (ડ) ચિમનભાઈ પટેલ

**૧૮. કૃષિ મહોત્સવમાં ખેડૂતોને જમીનની તાસીરનું પૃથક્કરણ કરવા માટે શું આપવામાં આવે છે ?**
(અ) જમીન માપણ યંત્ર, (બ) જમીન રિપોર્ટ કાર્ડ, (ક) સોઈલ રિપોર્ટ, (ડ) સોઈલ હેલ્થ કાર્ડ

**૧૯. અમદાવાદમાં સાબરમતી નદી પર આકાર લઈ રહેલી રિવરફ્રન્ટ યોજનાની લંબાઈ કેટલી છે?**
(અ) ૬ કિ.મી., (બ) ૯ કિ.મિ., (ક) ૧૧.૫ કિ.મી., (ડ) ૧૨.૫ કિ.મી.

**૨૦. શાસ્ત્રીય સંગીત ક્ષેત્રે પ્રખ્યાત 'તાનારીરી મહોત્સવ' કયાં ઉજવાય છે ?**
(અ) ધાનેરા, (બ) વડનગર, (ક) વિસનગર, (ડ) ધોળાવીરા

**૨૧. ગુજરાતની સ્થાપનાના ૫૦ વર્ષની ઉજવણીની શરૂઆતમાં મુખ્યમંત્રીએ કઈ યાત્રા કાઢી હતી ?**
(અ) સ્વર્ણિમ ઉજવણી યાત્રા, (બ) સ્વર્ણિમ સંકલ્પ જ્યોત રથયાત્રા, (ક) સ્વર્ણિમ અસ્મિતા યાત્રા, (ડ) સ્વર્ણિમ કળશ યાત્રા. ◆

જવાબો : ૧ (ક), ૨ (બ), ૩ (અ), ૪ (ક), ૫ (બ), ૬ (ડ), ૭ (અ), ૮ (ક), ૯ (અ), ૧૦ (ડ), ૧૧ (બ), ૧૨(અ), ૧૩ (બ), ૧૪ (અ), ૧૫ (ડ), ૧૬ (ક), ૧૭ (અ), ૧૮ (ડ), ૧૯ (ડ), ૨૦ (બ), ૨૧ (બ)



# સ્વાન્તઃ સુખાય કાર્યક્રમમાં પસંદગી પામેલાં શ્રેષ્ઠ પ્રોજેક્ટ

લોકસુખાકારી અને વિકાસને લગતી યોજનાઓ સરકારના માધ્યમથી તો ખરી જ પરંતુ સ્થાનીક કક્ષાએ જરૂરીયાત અનુસાર પણ ઉપલબ્ધ થાય તેવા શુભ આશયથી મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ સ્વાન્તઃ સુખાય પ્રોજેક્ટની શરૂઆત કરી હતી. સ્થાનિક કક્ષાએ જિલ્લાના કલેક્ટરશ્રીઓ તેમજ જિલ્લા વિકાસ અધિકારીઓ દ્વારા સ્થાનિક લોકભાગીદારીથી સ્થાનિક લોકોને ઉપયોગી થાય તેવી યોજનાઓનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. અધિકારીઓના પોતાના રોજબરોજના કામકાજ ઉપરાંતના લોકોઉપયોગી થઈ શકાય તેવા આ વધારાના કામને જિલ્લાના આ ઉચ્ચ અધિકારીઓએ ઉત્સાહ પૂર્વક ઉપાડી લીધુ હતું અને સ્થાનિક જરૂરિયાત અનુસાર યોજનાઓ અમલી બનાવી પ્રજાને વધુ ઉપયોગી બનવાનો પ્રયાસ કર્યો હતો. આ સ્વાન્તઃસુખાય કાર્યક્રમમાં હાથ ધરાયેલ પ્રોજેક્ટોને વધુ પ્રોત્સાહન પુરૂં પાડવા મુખ્ય મંત્રી શ્રી દ્વારા રોકડ પુરસ્કારો તેમજ પ્રશંસા પત્રો આપવામાં આવે છે.



તાજેતરમાં રાજ્ય સરકાર દ્વારા શ્રેષ્ઠ પ્રોજેક્ટો જાહેર કરવામાં આવ્યા જેમાં પ્રોજેક્ટની પસંદગી વખતે પ્રોજેક્ટમાં નાવીન્ય, લોકફાળો અને લોકભાગીદારીનું પ્રમાણ, પ્રજાને થનાર લાભ, પ્રોજેક્ટની લાંબાગાળાની અસરો નિયત સમયમાં પ્રોજેક્ટની પૂર્ણાહૂતિ વગેરે બાબતો વિચારણામાં લેવામાં આવી છે. શ્રેષ્ઠ જાહેર થયેલ પ્રોજેક્ટ હાથ ધરનાર અધિકારીને રૂા. ૨૫,૦૦૦નો રોકડ પુરસ્કાર અને પ્રશંસાપત્ર અપાશે. પુરસ્કાર મેળવનાર કચેરી તેમની કામગીરીમાં સુવિધા વધારવામાં આ રકમનો ઉપયોગ કરશે.

| ક્રમ | જિલ્લાનું નામ | પ્રોજેક્ટનું નામ | પ્રોજેક્ટ રજૂ કરનાર અધિકારીશ્રીનું નામ અને તત્કાલિન હોદ્દો | સંબંધિત જિલ્લા કલેક્ટરશ્રીના હવાલે ફાળવવામાં આવતી ગ્રાન્ટ રકમ રૂા. |
|---|---|---|---|---|
| ૧ | ખેડા | તમામ તાલુકાની પ્રાથમિક શાળાઓમાં બાગ બગીચા બનાવવા | ડૉ. કે. એન. બાંભણિયા જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી, ખેડા (હાલ જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીશ્રી, મહેસાણા | રૂા. ૨૫,૦૦૦ |
| ૨ | આણંદ | આરોગ્ય સેવાઓનું સુદ્રઢિકરણ કરવું | ડૉ. આર. એમ. મહેતા, મુખ્ય જિલ્લા તબીબી અધિકારી સહ સિવિલ સર્જન પેટલાદ. | રૂા. ૨૫,૦૦૦ |
| ૩ | વલસાડ | રેન બસેરા | શ્રી એસ. એલ. નીનામા, નિયામકશ્રી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, વલસાડ | રૂા. ૨૫,૦૦૦ |
| ૪ | અમદાવાદ | બરવાળા તાલુકા ખાતે ડેરી વિકાસની પ્રવૃત્તિના વેગ દ્વારા ગ્રામ્ય અર્થતંત્રમાં ફેરફાર | ડૉ. કિશોર વી. પટેલ, નાયબ પશુપાલન નિયામકશ્રી, જિલ્લા પંચાયત અમદાવાદ (હાલ વિભાગીય સંયુક્ત નિયામકશ્રી કૃષિભવન, અમદાવાદ) | રૂા. ૨૫,૦૦૦ |
| ૫ | સુરત | મત્સ્યોદ્યોગ ઉકાઈ પ્રોજેક્ટમાં વિશિષ્ટ કામ | શ્રી વી. એમ. સોનવણે, જિલ્લા વિકાસ અધિકારીશ્રી સુરત, (હાલ નિવૃત્ત) | રૂા. ૨૫,૦૦૦ |
| ૬ | પાટણ | જનની સુરક્ષા યોજના | ડૉ. ટી. કે. સોની મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી, જિલ્લા પંચાયત, પાટણ | રૂા. ૨૫,૦૦૦ |